નંબર: | | કિંમત રૂા.૧૦૦૦

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

## બાજપાઈ નગર-૧

## EWS-સેવાસી ખાતે

## દુકાનોના વેચાણ માટેનું

## ટેન્ડર ફોર્મ

મોજે સેવાસી ખાતે "બાજપાઈ નગર નં.૧" રાધેશ્યામ ફ્લેટસ થી આગળ, (ટી.પી.સ્કીમ નં.૧ એફ.પી.નં. ૧૧૯) માં આવેલ ૧૨ (બાર) દુકાનોના વેચાણ બાબત

મુખ્ય કારોબારી અધિકારી,
શહેરી વિકાસ સત્તામંડળ,
**"વુડા ભવન" એલ.એન્ડ ટી. સર્કલ પાસે, વી.આઈ.પી.રોડ, કારેલીબાગ,**
વડોદરા-૩૯૦૦૧૮

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

## ભાવનું ઓફર પત્રક

| | |
|---|---|
| **કામનું નામ:** | મોજે સેવાસી ખાતે રાધેશ્યામ ફલેટસથી આગળ, "બાજપાઈ નગર નં.૧" EWS- સેવાસી (ટી.પી. સ્કીમ નં.૧, એફ.પી.નં. ૧૧૯) માં દુકાન ખરીદવા માટેનું ભાવ પત્રક |

પ્રતિ

શ્રી .........................

.............................

.............................

| | |
|---|---|
| ભાવ પત્રક આપવાની છેલ્લી તારીખ : | તા.૩૧/૦૧/૨૦૧૮ ના ૧૫.૦૦ કલાક સુધી |
| ભાવ પત્રક ભરીને પરત આપવાની તારખ : | તા.૦૭/૦૨/૨૦૧૮ ના ૧૭.૦૦ કલાક સુધી |
| ભાવ પત્રક ખોલવાની તારીખ: | તા.૧૯/૦૨/૨૦૧૮ બપોરના ૧૫.૦૦ કલાકે શકય હશે તો |

સ્થળ: વડોદરા

તારીખ: અરજદારનું પુરૂં નામ અને સહી

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

"વુડા ભવન" એલ.એન્ડ ટી. સર્કલ પાસે, વી.આઈ.પી.રોડ, કારેલીબાગ,વડોદરા-૩૯૦૦૧૮

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા "બાજપાઈ નગર નં.૧", EWS- સેવાસીના નામથી તૈયાર કરેલ રહેણાંક સકુંલમાં આવેલ દુકાનો માલિકીના ધોરણે વેચાણથી લેવા માટેનું

## અરજી પત્રક/ ટેન્ડર

અટક નામ પિતા/પતિનું નામ

(૧) અરજદારનું નામઃ

(૨) અરજદારનું પુરૂં સરનામુંઃ

(૧) હાલનુંઃ

(૨) કાયમીઃ

(૩) અરજદારનો ધંધોઃ

(૪) અરજદારની વિગતઃ

**ક.** કો.ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના કિસ્સામાં
કો.ઓપરેટીવ સોસાયટીના સભ્યોની યાદી નીચે મુજબ છે.

| અ.નં. | સભ્યનું નામ | હાલનું સરનામું | ધંધો | નોકરી/ધંધાનું સ્થળ | કુટુંબની કુલ માસીક આવક (રૂા. માં) |
|---|---|---|---|---|---|
| | | | | | |

ખ. સરકારી વિભાગ, સ્થાનિક સત્તામંડળ અથવા જાહેર સાહસ, વૈધાનિક સંસ્થાઓ, જાહેર સંસ્થાઓ વિગેરેના કિસ્સામાં.

| વિભાગ/સંસ્થાનું નામ | કર્મચારીઓની સંખ્યા | સદર દુકાન/મિલ્કતમાં તેઓને દુકાન પૂરા પાડવાના કારણો. |
|---|---|---|
| | | |

ગ. વ્યકિતગત કિસ્સામાંઃ

| નામ | ધંધાની વિગત | ટેન્ડર ભરવાનું કારણ |
|---|---|---|
| | | |

૫. **<u>દરખાસ્તની વિગત</u>**

નીચે જણાવ્યા મુજબના અમો/ હું

નામઃ ..........................................................................................

હોદ્દોઃ ..........................................................................................

તે શ્રી ..........................................................................................

રહેવાસી હાલઃ ..........................................................................................

કાયમીઃ ..........................................................................................

ના અધિકૃત પ્રતિનિધિ/ ભાગીદાર/ ટ્રસ્ટી/ મેનેજીંગ ડીરેકટર/કુલમુખત્યાર
આથી,

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મોજે સેવાસી ખાતે (ટી.પી. સ્કીમ નં.૧, એફ.પી.નં. ૧૧૯) "બાજપાઈ નગર નં.૧" EWS- સેવાસી ના નામથી તૈયાર કરેલ રહેણાંક સકુંલમાં આવેલ દુકાનો માલિકીના ધોરણે વેચાણથી લેવા માટે

વર્ણવ્યા મુજબની દુકાન નં. ........ ક્ષેત્રફળ ........ ચો.મી. વાળી દુકાન રૂા. ................ (આંકડામાં) અંકે રૂપિયા ................................................. (શબ્દોમાં) થી ખરીદવા ઈચ્છા ધરાવું છુ.

૬.   મારી/અમારી દરખાસ્ત સ્વીકારવામાં આવ્યેથી તેના ૯૦ દિવસમાં દરખાસ્તની પૂરેપૂરી રકમ ભરવા સંમત છું/છીએ.

૭.   આ સાથે અર્નેસ્ટ મની તરીકે રૂા. .......... અંકે રૂપિયા ............................... ............... પુરાનો ડીમાન્ડ ડ્રાફટ નંબર ....................... તા. .............
બેન્કનું નામ ...................................................................................
ચેક-રસીદ નંબર ..................... તા. ............... બીડેલ છે. આ રકમ પર મને/અમોને કોઈ પણ જાતનું વ્યાજ મળવાપાત્ર નથી.

૮.   વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા મારી/અમારી દરખાસ્ત સ્વીકારવામાં ન આવે તો ઉપરના ફકરા નં.૭ મુજબ ચુકવેલ અર્નેસ્ટ મનીની રકમ રૂા. ............... અંકે રૂપિયા ......................................... મને વિના વ્યાજે પરત કરવામાં આવશે.

૯.   જો મારી/અમારી દરખાસ્ત સ્વીકારવામાં આવે અને હું / અમો સદર દુકાન માટેની દરખાસ્તની પૂરેપૂરી રકમ રૂા. .......... અંકે રૂપિયા ................................. નિશ્ચિત સમય મર્યાદામાં ભરવાનું ચુકીએ તો આપણા વચ્ચેના કરારનો સંત્તામંડળ અંત લાવશે અને સદર દરખાસ્ત અન્વયે મે/ અમોએ ભરેલ રકમ/અર્નેસ્ટ મનીની રકમ પૂરેપૂરી સત્તામંડળ જપ્ત કરશે.

૧૦.  પત્ર વ્યવહારનું સરનામું નીચે મુજબ છે.
.......................................................................
.......................................................................

૧૧.  કમિટી ધ્વારા ફાળવણીની નકકી કરેલ શરતો અને નિર્ણયોનું પાલન કરવા હું / અમો બંધાયેલા છું/ છીએ.

૧૨.  આથી હું/ અમો જાહેર કરું છું/ કરીએ છીએ કે, ઉપર જણાવેલ માહિતી સંપૂર્ણ અને તદૃન સાચી છે. તેમાં આકસ્મીક કે અન્યથા કોઈ ક્ષતિ કે અધુરપ રહી ગઈ હશે તો સત્તામંડળને ગમે ત્યારે સબંધિત દુકાન- મિલ્કતની ફાળવણી કે મારી/ અમારી દરખાસ્તની સ્વીકૃતિ રદ કરવા માટે પૂરતું કારણ રહેશે.

૧૩.  આથી હું/ અમો જાહેર કરું છું/ કરીએ છીએ કે, દુકાનની ફાળવણી અંગેના નિયમો મેં / અમોએ વાંચ્યા અને સમજયા છે/ છીએ અને જમીનના એફ ફોમ- નકશા- સ્થળ સ્થિતિ તપાસ્યા છે. જયારે આ અંગે કરાર, કબુલાત, દસ્તાવેજ કરવાના કહેવામાં આવશે ત્યારે કરવા બાંહેધરી આપું છું/ આપીએ છીએ અને સત્તામંડળનો નિર્ણય મને / અમોને બંધનકર્તા રહેશે.

સ્થળ:   વડોદરા

તારીખ:                     અરજદારનું પુરૂં નામ અને સહી

# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા

## “બાજપાઈ નગર નં.૧” EWS (સેવાસી ટી.પી.સ્કીમ નં.૧ એફ.પી.નં.૧૧૯ ) ખાતે તૈયાર કરેલ રહેણાંક સકુંલમાં આવેલ દુકાનોની ક્ષેત્રફળની વિગત દર્શાવતું

## <u>ભાવપત્રક</u>

| અ.નં. | દુકાનની વિગત | દુકાનનું ક્ષેત્રફળ | દુકાનની વેલ્યુઅર ધ્વારા સુચિત કુલ કિંમત રૂા. | ઓફરની રકમ રૂા. (આંકડામાં અને શબ્દોમાં લખવી) |
|---|---|---|---|---|
| ૧. | ટાવર-એ, દુકાન નં-૧ | ૧૪.૩૦ ચો.મી. | ૭,૮૭,૦૦૦/- | |
| ૨. | ટાવર-એ, દુકાન નં-૨ | ૧૬.૭૦ ચો.મી. | ૯,૧૯,૦૦૦/- | |
| ૩. | ટાવર-એ, દુકાન નં-૩ | ૧૬.૮૦ ચો.મી. | ૯,૨૪,૦૦૦/- | |
| ૪. | ટાવર-એ, દુકાન નં-૪ | ૧૫.૬૫ ચો.મી. | ૮,૬૧,૦૦૦/- | |
| ૫. | ટાવર-એ, દુકાન નં-૫ | ૧૫.૬૫ ચો.મી. | ૮,૬૧,૦૦૦/- | |
| ૬. | ટાવર-એ, દુકાન નં-૬ | ૧૬.૮૦ ચો.મી. | ૯,૨૪,૦૦૦/- | |
| ૭. | ટાવર-એ, દુકાન નં-૭ | ૧૬.૭૦ ચો.મી. | ૯,૧૯,૦૦૦/- | |

| અ.નં. | દુકાનની વિગત | દુકાનનું ક્ષેત્રફળ | દુકાનની વેલ્યુઅર ધ્વારા સુચિત કુલ કિંમત રૂા. | ઓફરની રકમ રૂા. (આંકડામાં અને શબ્દોમાં લખવી) |
|---|---|---|---|---|
| ૮. | ટાવર-એ, દુકાન નં-૮ | ૧૪.૩૦ ચો.મી. | ૭,૮૭,૦૦૦/- | |
| ૯. | ટાવર-એચ, દુકાન નં-૧ | ૧૪.૨૨ ચો.મી. | ૭,૮૨,૦૦૦/- | |
| ૧૦. | ટાવર-એચ, દુકાન નં-૨ | ૧૭.૧૩ ચો.મી. | ૯,૪૨,૦૦૦/- | |
| ૧૧. | ટાવર-એચ, દુકાન નં-૩ | ૧૭.૧૩ ચો.મી. | ૯,૪૨,૦૦૦/- | |
| ૧૨. | ટાવર-એચ, દુકાન નં-૪ | ૧૪.૨૨ ચો.મી. | ૭,૮૨,૦૦૦/- | |

સ્થળ: વડોદરા

તારીખ: અરજદારનું પુરૂં નામ અને સહી

**નોંધ:** અરજદારે ભાવ ભરતી વખતે ઉપરોકત "બાજપાઈ નગર નં.૧" EWS ની સ્થળની જે તે સ્થિતિ મુજબ ભાવની ઓફર આપવાની રહેશે તેમજ જે દુકાન માટે ભાવ ભરવાના હોય તેની સામે જ ભાવની ઓફર શબ્દોમાં તેમજ આંકડામાં બન્નેમાં) આપવાની રહેશે અને શબ્દોમાં આપેલ ઓફર જ માન્ય ગણવામાં આવશે. **અરજદાર આ ટેન્ડર કોપીમાં એકજ દુકાન માટે ઓફર આપી શકશે, બીજી દુકાન માટે બીજી ટેન્ડર કોપીનો ઉપયોગ કરવાનો રહેશે, છતાં પણ કોઈ અરજદારે એક ટેન્ડર કોપીમાં એક કરતાં વધારે દુકાનો માટે ઓફર આપી હશે અને E.M.D. વધારે ભરી હશે તો પણ પ્રથમ ક્રમાંક વાળી ફકત એક જ ઓફર સ્વીકારવામાં આવશે.**

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા "બાજપાઈ નગર નં.૧" EWS -સેવાસી ના નામથી તૈયાર કરેલ રહેણાંક સકુંલમાં આવેલ દુકાનો માલિકીના ધોરણે વેચાણ કરવા માટેની માહિતી/ શરતો/ નિયમો**

(૧) સંકુલનું નામઃ "બાજપાઈ નગર નં.૧" EWS-સેવાસી રાધેશ્યામ ફ્લેટસથી આગળ, (ટી.પી. સ્કીમ નં.૧ એફ.પી.નં. ૧૧૯), વડોદરા

(૨) સંકુલનો પ્રકારઃ વાણિજય/ રહેણાંક

(૩) જમીનની વિગતઃ મોજે સેવાસી ખાતે "બાજપાઈ નગર નં.૧" EWS -સેવાસી ટી.પી. સ્કીમ નં.૧ એફ.પી.નં. ૧૧૯

(૪) બાંધકામની વિગતઃ ટાવર-એ અને ટાવર-એચ ની દુકાનો

| અ.નં. | દુકાનની વિગત | દુકાનનું ક્ષેત્રફળ |
|---|---|---|
| ૧. | ટાવર-એ, દુકાન નં-૧ | ૧૪.૩૦ ચો.મી. |
| ૨. | ટાવર-એ, દુકાન નં-૨ | ૧૬.૭૦ ચો.મી. |
| ૩. | ટાવર-એ, દુકાન નં-૩ | ૧૬.૮૦ ચો.મી. |
| ૪. | ટાવર-એ, દુકાન નં-૪ | ૧૫.૬૫ ચો.મી. |
| ૫. | ટાવર-એ, દુકાન નં-૫ | ૧૫.૬૫ ચો.મી. |
| ૬. | ટાવર-એ, દુકાન નં-૬ | ૧૬.૮૦ ચો.મી. |
| ૭. | ટાવર-એ, દુકાન નં-૭ | ૧૬.૭૦ ચો.મી. |
| ૮. | ટાવર-એ, દુકાન નં-૮ | ૧૪.૩૦ ચો.મી. |
| ૯. | ટાવર-એચ, દુકાન નં-૧ | ૧૪.૨૨ ચો.મી. |
| ૧૦. | ટાવર-એચ, દુકાન નં-૨ | ૧૭.૧૩ ચો.મી. |
| ૧૧. | ટાવર-એચ, દુકાન નં-૩ | ૧૭.૧૩ ચો.મી. |
| ૧૨. | ટાવર-એચ, દુકાન નં-૪ | ૧૪.૨૨ ચો.મી. |

(૫) અરજદાર સંકુલમાં દુકાનોનું સ્થળ નિરીક્ષણ કરી શકે છે. **નિરિક્ષણ જાહેરાત પ્રસિદ્દિ તારીખથી તા.૦૭/૦૨/૨૦૧૮ દરમ્યાન (જાહેર રજાના દિવસો સિવાય) સવારે ૧૧.૦૦ થી બપોરના ૧૪.૦૦ કલાક** સુધી રાખવામાં આવેલ છે.

(૬) ભરેલ ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં સત્તામંડળની કચેરીમાં મોડામાં મોડા તા.૦૭/૦૨/૨૦૧૮ ના ૧૭.૦૦ કલાક સુધીમાં મળે તે રીતે રજીસ્ટર પોસ્ટ એ.ડી., સ્પીડ પોસ્ટ અથવા કુરીયર થી ટેન્ડર સાથે આપવામાં આવેલ કવરમાં મોકલવાના રહેશે. હેન્ડ ડીલીવરી સ્વીકારવામાં આવશે નહિં. સમય મર્યાદા બાદ મળેલા ભાવ પત્રકો ધ્યાને લેવામાં આવશે નહિં.

(૭) અરજદારે ટેન્ડરમાની ઓફર રકમના ૨% રકમ ડીપોઝીટ (અર્નેસ્ટ મની) તરીકે મુખ્ય કારોબારી અધિકારી, વુડા, વડોદરા ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ ટેન્ડર સાથે બીડવાનો રહેશે તે સિવાયના ટેન્ડરો ધ્યાને લેવામાં આવશે નહિં. આ ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળશે નહિં. જે અરજદારનું ટેન્ડર નામંજુર કરવામાં આવશે તેઓની ડીપોઝીટની રકમ પરત આપવા નિર્ણયની તારીખથી ૩૦ દિવસમાં એકાઉન્ટ પેઈ ચેકથી પરત કરવામાં આવશે. જે અરજદારનું ટેન્ડર મંજુર કરવામાં આવશે તેના કિસ્સામાં ડીપોઝીટની રકમ દુકાનની ખરીદ કિંમત પેટે મજરે ગણવામાં આવશે.

(૮) સત્તામંડળને મુદતમાં મળેલ તમામ ટેન્ડરો શકય હશે તો તા.૧૯/૦૨/૨૦૧૮ ના રોજ ૧૫.૦૦ કલાકે ખોલવામાં આવશે. અરજદાર હાજર રહી શકે છે. સંજોગોવસાત આ તારીખ અને સમયે ટેન્ડરો ખોલવાનું વહીવટી કારણોસર શકય ન બને તો કોઈ તારીખ અને સમય નકકી કરવાનો અધિકાર સત્તામંડળ અબાધિત રાખે છે.

(૯) ટેન્ડર પુરે પુરૂ કે અંશતઃ મંજુર / રદ કરવાની આખરી સત્તા સત્તામંડળ અબાધિત રાખે છે અને તેના કારણો દર્શાવવા સત્તામંડળ બંધાયેલ નથી.

(૧૦) સૌથી ઉંચા સ્વીકાર્ય ટેન્ડર ભરનારે ફાળવણી પત્રની તારીખથી બીડની ૧૦% રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેકથી ૧૦ દિવસમાં ભરવાની રહેશે અને તેમાં ચુક થયે જમીન- મિલ્કત ફરીથી વેચાણમાં મૂકવામાં આવશે અને અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૧૧) બીડની બાકી રહેતી રકમ ફાળવણી પત્ર મળ્યા તારીખથી ૯૦ દિવસમાં સત્તામંડળની કચેરીમાં ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેકથી રકમ ભરવાની રહેશે, યથા પ્રસંગ અરજદાર સત્તામંડળને વ્યાજબી કારણો છે તેવી ખાત્રી કરાવે તો બાકી રકમ ભરવાની મુદત ફાળવણી પત્ર મળ્યા તારીખથી વધુમાં વધુ ૧૮૦ દિવસ સુધી વધારી આપશે. પરંતુ તે માટે બાકી રકમ ઉપર વધારેલ મુદત માટે વાર્ષિક ૧૫% વ્યાજ ચુકવવાનું રહેશે. આ રીતની મુદત વધારવા અરજદાર સત્તામંડળને ફરજ પાડી શકશે નહી.

(૧૨) દસ્તાવેજ અંગેની લખાઈ, ટાઈપીંગ, સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી વિગેરે તમામ ખર્ચ ખરીદનારના શીરે રહેશે. તેમજ યોજના ના એશોશીએશન ના સભ્ય થવાનું ફરજીયાત રહેશે. અને તે અંગેનો મેઈન્ટેનન્સ ચાર્જ અલગથી ખરીદનારે સુચનાનુસાર ભરવાનો રહેશે.

(૧૩) અરજદાર ગુજરાત રાજયમાં અરજી કર્યાની તારીખથી તુરંતના પાંચ વર્ષથી ઓછા નહી તેટલા સમય માટે વસવાટ કરતો હોવો જોઈશે જે માટેના પુરાવા તરીકે રેશનકાર્ડ, ચુંટણી ઓળખ પત્ર,

ડ્રાઈવીંગ લાયસન્સ અથવા કેન્દ્ર / રાજય સરકારના ગેઝેટેડ ઓફીસરનો દાખલો પૈકી ગમે તે એક પુરાવો રજુ કરવાનો રહેશે.

(૧૪) જે અરજદારની ઓફર મંજુર કરવામાં આવે તે અરજદારે તેઓને જાણ કર્યાના દિવસથી ઓફર કરેલ કિંમત અનુક્રમ નં. ૧૦ અને ૧૧ મુજબ સત્તામંડળની કચેરીમાં ડિમાન્ડ ડ્રાફટથી જમા કરાવવાની રહેશે. પુરેપુરી રકમ સત્તામંડળમાં ભરપાઈ થયા બાદ જ દુકાનનો કબજો અરજદારને જરૂરી કાનુની વિધિ કર્યા બાદ સુપ્રત કરવામાં આવશે.

(૧૫) જે અરજદારની ઓફર મંજુર કરવામાં આવે તે અરજદારે ઓફર કરેલ રકમ ઉપર પ્રમાણે નિયત સમય મર્યાદામાં સત્તામંડળની કચેરીમાં ભરપાઇ કરવાનું ચુકે તો, તેઓની ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવા તથા તેવી માંગણીવાળી મિલ્કત અન્યને ફાળવવામાં સત્તામંડળ મુખત્યાર રહેશે. આ ઉપરાંત જો અરજદાર ધ્વારા અર્નેસ્ટ મની ઉપરાંતની રકમ જમા કરાવ્યા બાદ બાકીની રકમ સમય મર્યાદામાં જમા કરાવવામાં અસક્ષમ રહે તો જમા કરાવેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ ઉપરાંત ભરેલ રકમના ૨૫% કપાત કરી બાકીની રકમ વગર વ્યાજે પરત કરી તેઓને ફાળવેલ મિલ્કત અન્યને ફાળવવામાં આવશે.

(૧૬) ટેન્ડર મંજુર કે રદ કરવાનો નિર્ણય ૩ (ત્રણ) માસમાં બનતી ત્વારાએ કરશે પરંતુ તેવો નિર્ણય ન કરવામાં આવે ત્યાં સુધી અરજદાર તેમની ઓફર પાછી ખેંચી શકશે નહીં. ડીપોઝીટની રકમ પરત માંગી શકશે નહી. આવો નિર્ણય લેવામાં સંજોગોવસાત વિલંબ થાય તો અરજદાર વાંધો લઈ શકશે નહિં તથા સીકયોરીટી ડીપોઝીટ પર વ્યાજ મળશે નહીં.

(૧૭) અરજદારે ઓફર કિંમત (વેચાણ કિંમત) ઉપરાંત વેચાણ રાખેલ મિલ્કત તેમના નામે તબદીલ કરવા અંગેના દસ્તાવેજને લગતો તમામ ખર્ચ તેઓએ ભોગવવાનો રહેશે.

(૧૮) આ ઉપરાંત વખતોવખત ભરવાપાત્ર સર્વીસ ચાર્જ, એસોસીએશન ચાર્જ, મ્યુ. ટેક્ષ, વીજળી બીલ તેમજ અન્ય વેરાઓ જે તે સંસ્થાઓને બારોબાર ભરપાઈ કરવાના રહેશે.

(૧૯) અરજદારે દુકાનની ખરીદ કિંમતની પુરેપુરી રકમ સત્તામંડળમાં જમા કરાવ્યાના વધુમાં વધુ એક માસમાં સત્તામંડળ સાથે કન્વેયન્સ ડીડ કરીને તેનો રજીસ્ટર્ડ કરાવી દુકાનનો પ્રત્યક્ષ કબજો લેવાનો રહેશે.

(૨૦) ઉપર મુજબની નિયત સમય મર્યાદામાં અરજદાર દુકાનો કબજો સંભાળી લેવામાં ચુક કરે તો તેની સીકયુરીટીની જવાબદારી સત્તામંડળની રહેશે નહીં.

(૨૧) પાણી, ડ્રેનેજ, વીજળીના જોડાણ અંગેના લાગત ચાર્જ સબંધિત સંસ્થાઓને ભરવાની જવાબદારી ખરીદનારની રહેશે. આ ઉપરાંત દુકાનનો કબજો મળ્યાના વર્ષના શરૂઆતથી વખતોવખત ભરવાપાત્ર સર્વીસ ચાર્જ, એસોસીએશન ચાર્જ, મ્યુ. ટેક્ષ, વીજળી બીલ, એન.એ.

ચાર્જ, લોકલ ફંડ, શિક્ષણ ઉપકર તેમજ અન્ય વેરાઓ જે તે સંસ્થાઓને બારોબાર ભરપાઈ કરવાના રહેશે.

(૨૨) અરજદારને ફાળવાયેલ દુકાનો અંગે જી.ડી.સી.આર. અન્વયે મળવાપાત્ર ઉપયોગ માટે સંસ્થાની પરવાનગી મેળવીને ઉપયોગ કરી શકાશે તેમજ અરજદારે આ મિલ્કતમાં ધંધો શરૂ કરવા માટે પ્રવર્તમાન કાયદાનુસાર જે કોઈ પરવાનગી/ મંજુરી લેવા પાત્ર થતી હશે તે સ્વખર્ચે મેળવવાની રહેશે.

(૨૩) દુકાન ખરીદનાર દુકાનનાં બહારનાં કે અંદરના ભાગે કોઈપણ જાતના સુધારા વધારા કરી શકશે નહીં તથા દુકાનનું વેચાણ બાંધકામ (ઈમલા) પુરતું છે.

(૨૪) “બાજપાઈ નગર નં.૧” EWS- સેવાસીના તમામ દુકાનના કબજેદારોએ એસોસીએશનની રચના કરી તેના સભ્ય થવાનું રહેશે અને આ મિલ્કતમાંની સામાન્ય સુખ સુવીધાઓની નિભાવણીની જવાબદારી એસોસીએશનની રહેશે. સત્તામંડળની આ બાબતે કોઈપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.સદર હું મિલ્કતના નિકાલ બાબતે ભવિષ્યમાં હવે પછી સત્તામંડળ તેના નીતિ-નિયમો- શરતોમાં જે કોઈ ફેરફાર કરે તો તે અરજદારને બંધનકર્તા રહેશે.

ઉપર મુજબ માહિતી/ શરતો/ નિયામો મેં / અમોએ વાંચ્યા છે જે કબુલ મંજુર છે.

સ્થળ : વડોદરા

તારીખ: અરજદારનું પુરૂં નામ અને સહી